**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# આધાર ધારા

## પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા કૃત

## ધર્મબિન્દુ - અણગાર ધર્મ - પંચમ અધ્યાય

## વાચના ૫૯-૬૨

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા


**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૮

07.11.2021

# ધર્મ બિંદુ ગ્રંથ વાચના ૫૯

પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ, ધર્મ બિંદુ ગ્રંથના પાંચમા અધ્યાયમાં, સાઠમાં સુત્રમાં કહે છે,

ग्लानादिप्रतिपत्तिः।

સંયમ જીવનમાં અમુક યોગો છે, અમુક યોગો ફરજિયાત નથી, રોજ એક હજાર બાર લોગસ્સનો કાઉસગ્ગ કરવો કે એક હજાર બાર ખમાસમણા આપવા, કે ઉપવાસ કરવા જ, કે આયંબિલ કરવા જ, એવું ફરજીયાત નથી. ક્ષયોપશમ નથી તો ચૌદપૂર્વ ભણી જવા ફરજિયાત નથી.

અમુક યોગો અત્યંત ફરજીયાત છે, જેમકે ષટ્કાય યતના. જેમકે યથાશક્તિ તપ, જેમકે યથાશક્તિ સ્વાધ્યાય, જેમકે લોચ, જેમ કે વિહાર, જેમકે નિર્દોષ ચર્યા, ફરજીયાત છે. એક હજાર બાર લોગસ્સનો કાઉસગ્ગ રોજ ન કરીએ, તો પ્રાયશ્ચિત આવતું નથી. પણ એક મહાત્મા માંદા પડ્યા છે, ગ્લાન છે, અને એમની કોઈ સુશ્રુષા ન કરવી, પુછવું નહિ, આને સંયમ જીવનમાં મોટો શિથિલાચાર કહ્યો છે.

ઉપદેશમાલામાં ત્યાં સુધીના શબ્દો કહ્યા,

ण करेइ णेव पुच्छइ णिद्धम्मो लिंगमुवजीवी।

ગચ્છની અંદર બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી, કોઈ નુતન દીક્ષીત હોય, કોઈ અશક્ત હોય, કોઈનું કશું કરવું નહિં, અને પુછવું પણ નહિં, જ્યાં આ સ્થિતિ છે, એ મહાત્મા એ સિવાયની ઘણી બધી આરાધના કરવા હોવા છતા નિધર્મ છે. ધર્મ રહિત છે. અને લિંગોપજીવી છે, એટલે કે સાધુના વેષના નામે ચરી ખાનારા, અને સાધુના વેષના નામે આજીવિકા ગબડાવનારા છે.

ग्लानादिप्रतिपत्तिः।

સંયમ જીવનના બધા જ યોગોનું કાંઈ હોય, તો એ પરિણતિની નિર્મળતા ને કોમળતા છે. એક મહાત્મા માંદા પડ્યા છે. નથી મેં એમનું કોઈ પડિલેહણ કર્યું, નથી કોઈ સુશ્રુષા કરી, નથી કાંઈ પુછવા ગયો, કે કાંઈ કામ છે, તો મારી પરિણતિ મલિન થવાની અને કઠોર થવાની એ નક્કી છે અને મલિન અને કઠોર થાય પરિણતિ, પછી મારી આરાધનાનું મને જે ફળ મળવું જોઈએ, એનું બાધ્ય, દસમા-

ભાગનું, વીસમા ભાગનું, પચ્ચીસમાં ભાગનું, ફળ પણ મને મળશે કે નહિ એ પ્રશ્ન છે.

પરિણતિ જેટલી નિર્મળ, પરિણતિ જેટલી કોમળ, એટલું તે તે યોગનું ફળ વધારે. પરિણતિ જેટલી મલિન અને કઠોર, એટલું-તે તે યોગનું ફળ ઓછું. વ્યવહાર ભાષ્યની અંદર, એક પદાર્થ આવે છે કે કપડા ધોવા-માટે શું કેટલું ઉપયોગમાં લેવું જોઈએ ? એ સમયની વાત છે જ્યારે ગોમુત્ર નો ઉપયોગ કપડા ધોવા માટે થતો હતો, જે એક પ્રકારનું એસિડ છે. અને એનાથી કપડા ધોવામાં આવતા. અને ત્યાં દ્રષ્ટાંત આપ્યું છે. વૃત્તિ ની અંદર મલયગિરિ સૂરી મહારાજ કહે છે કે કપડું જેટલુ વધારે મેલું, એટલું એ ગોમુત્ર વધારે લેવું પડે. એ જેટલું-ઓછુ મેલું એટલુ ગોમુત્ર ઓછુ લેવું પડે. મલય-ગિરિ સૂરી મહારાજ કહે છે કે, એવું પણ બને કે કોઈ કપડું છે એના ઉપર એ જ પ્રકારનો ડાઘ લાગ્યો ને બીજા પ્રકારના કપડા ઉપર પણ એજ ડાઘ લાગ્યો, ધારોકે તેલનો ડાઘ છે. એ ડાઘ સુતરાઉ વસ્ત્ર પર લાગ્યો કે ઉનના વસ્ત્ર પર લાગ્યો,

અનેક પ્રકાર ના વસ્ત્રો ના પ્રકારો શાસ્ત્રોમાં બતાવ્યા, જ્યાં કપડાનો પ્રકાર ને પ્રકારની છે ત્યાં સમાન ડાઘમાં પણ, જુદા જુદા પ્રકારમાં, જુદી જુદી પ્રક્ષાલન પ્રક્રિયા, લૌકિક રીતી ની અંદર બતાડી કે આ પ્રકારનું કપડું છે જેમાં ડાઘ લાગો તો આટલા ગૌમુત્ર ના વપરાશથી જતો રહેશે. બીજા પ્રકારનું કપડું છે જેમાં એ જ ડાઘ લાગ્યો છે, તો એને કાઢવા ઘણી મહેનત કરવી પડશે. ત્રીજા પ્રકારનું કપડું છે જેમાં એ જ પ્રકારનો ડાઘ લાગ્યો છે, તો અનેક....અનેક....અનેક ગણી મહેનત કરવી પડશે, કારણકે કપડાનો પ્રકાર જો છે. મલયગિરિ સૂરી મહારાજ કહે છે. કે જેમ કપડુ અને ડાઘ એના અનુસારે ગૌમુત્ર નું પ્રમાણ-નક્કી કરવામાં આવે છે. કે આ કપડુ કેટલા ગૌમુત્રથી ચોખ્ખું થઈ જશે.

એ રીતે પ્રાયશ્ચિત પ્રક્રિયાની-અંદર પણ, ત્રણ FACTOR જોવામાં આવે છે,

એક રૂપ,
બીજું પાપ, અને
ત્રીજું કેટલા તપ વગેરેથી એ પાપ ધોવાઈ શકે એટલું પ્રાયશ્ચિત.

હવે એનું માપદંડ કઈ રીતે કાઢવું, ચાલો
પાપની એમણે લખી દીધું, એમણે કહ્યું કે મેં
આ પાપ કરી લીધું છે, અને ગુરુજી મોટે-
આલોચના આપી. અને પ્રાયશ્ચિત પણ શાસ્ત્રો-
માં બધા આપેલા જ છે. બીજુ જે FACTOR
આપ્યું કે જીવ, એ બાબતમાં કઈ રીતે-
સમજ્યું, એની પરિણતિ કઠોર છે, કોમળ છે,
નિર્મળ છે, મલિન છે. એ કઈ રીતે ખબર પડે.
અને ત્યાં એક જ FACTOR એનું બતાવ્યું,
એક જ માપદંડ બતાવ્યું, કે જેઓ સાધુ પ્રત્યે
અત્યંત વાત્સલ્યવાળા હોય, જેઓ -
ગ્લાનાદિ ના પ્રયોજનમાં બધી જ રીતે ખડે પગે
ઊભા રહી ને, ખત ઘસીને, જરૂર પડે તો બે-
ત્રણ ટાઈમ ગોચરી જઈને, જરૂર પડે તો ઉજાગરા
કરી ને, જરૂર પડે તો બધુ કરી છુટી ને, -
ગ્લાનાદિ પ્રયોજનમાં સાધુઓ ને તર્પણ કરે
વ્યવહાર વૃત્તિ ની અંદર તર્પણ શબ્દ વાપર્યો છે
જે એની તત્તી કરે, તત્તી નો શાસ્ત્રીય અર્થ
થાય, પ્રતિજાગરણ, ચિંતા, કે કાળજી. મલય-
ગિરિ સૂરી મહારાજ કહે છે કે એવા આત્માઓ
બહુ ઓછા પ્રાયશ્ચિત માં શુદ્ધ થઈ જાય.

Anupam

કારણકે, એમનું મુવદળ કોમળ હોય છે. અને એનાથી વિપરીત, જે મહાત્મા અથવા શ્રાવક-શ્રાવિકા, જેઓ ગ્લાન મહાત્માની ઉપેક્ષા કરે, આપણને શું એમ વિચારી. ઘણા છે તેઓ કરશે એમ વિચારે, થઈ જશે એમ વિચારે, તમે ક્યારેક જોયું હશે મહાત્મા બિમાર હોય, ડોક્ટર આવ્યા હોય, કેટલા મહાત્માઓ ઘેરીને ઉભા હોય, ડોક્ટર શું કાળજી લેવાનું કહે છે, સારું થઈ જશે કે નહિ, બધાએ MANAGE-MENT નથી કરવાનું. પણ વાત્સલ્ય તો બધાએ કરવાનું છે.

મલયગિરિ સૂરી મહારાજ કહે છે, જેવા પ્રકારના વસ્ત્રોની QUALITY અને એમાં જે રીતે લાગેલો ડાઘ, વસ્ત્ર પણ યોગ્યતા વાળુ હોય તો એજ ડાઘ જેમ બહુ ઓછી મહેનતે નીકળી જાય છે, એ રીતે નિર્મળ પરિણતિને કોમળ પરિણતિ વાળા મહાત્માઓ, જે દોષ-કોઈ કારણે સેવાય ગયો હોય, હવે જીને સેવે એ પાછુ નિષ્ઠુરતા નું લક્ષણ છે. પણ બીજાની COMPARISON માં એ મહાત્માને એજ દોષ-

લાગેલો હોય, એ ઓછા પ્રાયશ્ચિતથી ચોખા માટે દૂર થઈ જાય, કારણકે એ પુદ્ગળ બહુ ઉંચું છે. પેલા એ કઠોર પરિણામ ધારણ કર્યા છે તેમના દ્વારા એ જે પાપ કરશે એ ગાઢું જ થઈ જવાનું છે. એ ઢીલું કરશે એ પણ ગાઢું થઈ જવાનું છે. અને પેલા નિર્મળ કોમળ પરિણતિ વાળા મહાત્મા, અથવા શ્રાવક- શ્રાવિકા તેઓ એજ પાપ કરી ને કદાચ ગાઢું એ કરશે, એ ઢીલું- થઈ જવાનું.

## આગમમાં બહુ સ્પષ્ટ કહ્યું,

पडिभग्गस्स मयस्स व नासइ चरणं सुअं अगुणणाए।

કોઈ ને કર્મ નો ઉદય થયો ને સંસારમાં પાછા- ગયા તો ત્યાં ને ત્યાં ચારિત્રનો નાશ થઈ જાય છે. કોઈ એ જ્ઞાન ભણ્યું, પણ પરાવર્તન ના- કર્યું તો જ્ઞાન નો નાશ થઈ જાય. આયુષ્ય- પુરુ થયુ, મહાત્માનો કાળધર્મ થયો, હવે બીજા ભવની અંદર ચોથાથી ઉપર ગુણસ્થાનક આવી ના શકે, દેવ ભવમાં જાય કે મનુષ્ય ભવમાં જાય, પછી દીક્ષા લે તો વાત જુદી છે. આયુષ્ય પુરુ થયું, અને ચારિત્રનો નાશ થઈ ગયો.

णो वेयावच्चचियं सुहोदयं नासइ कम्मं ॥
पण वेयावच्चथी जे उतपन्न थयुं, जे शुभ-उदयवाळु कर्म, एनो नाश थई शकतो नथी.

पालीताणानी अंदर अमारु चोमासु हतुं, वेयावच्च खातु जई ज उत्कृष्ट रीते, त्यांना महात्माओनी सेवा करी रहेल छे. एना एक भाईने मने वात करीने, बधी-मत अनुभवो अहिंया थाय, मोटु तीर्थ होय, घणा प्रकारना महात्माओ, स्थायी पण होय, कोई ओगणीस-वीस पण होय, बनी शके. मने कहे के क्यारेक एवा अनुभवो थाय ने अमारो उल्लास तूटी जतो होय छे. अने ए समये कुमारभाई आवीने, जे ज्यारे ज्यारे आवे, त्यारे अमने एवो उल्लास पुरे, एवुं PETROL पुरे, के अमे पाछा सज्ज थई जइए. तीर्थ, भाविको, श्रध्धाळुओ, अने आवी आवी परिस्थिति, बधी मतनुं होय, उच्च आराधक-पण होय, आराधक आत्मा पण होय, कोई-विराधक पण होय, अने एना लीधे तीर्थनुं वातावरण, क्यारेक के अवारनवार, कंईक-

કહીળાય આવું બને. મેં એ ભાઈને પુછ્યું કે એવા એવા જે હોય એમને ક્યાંક બીજે મોકલી શકાય, ખસેડી શકાય આવું ના બને ? મને કહે કે અમે કુમારભાઈ ને આ વાત કરી હતી. અને એમણે અમને કહ્યું, કે આ લોકો - અહિંયા તો સચવાઈ જશે, અહિંયા એમનો - નિભાવ થઈ જશે, બીજે ક્યાય એમનો નિભાવ નહિં થાય ! કેવા એ જિનશાસનના શ્રાવક હશે કદાચ એમની જ સંસ્થાને, સંસ્થાને તકલીફ પડી જાય, આવુ પણ કામ કોઈના દ્વારા થયું હોય, અને એમના પ્રત્યે પણ વાત્સલ્ય. કે બીજે જશે તો ઓલા કહેશે કે સાહેબ વિહાર કરો, અમે નથી રાખતા, ઓલા કહેશે અમે નથી રાખતા, વિહાર કરો. એ લોકો ક્યાં - જશે ?

ગુણવાન ઉપર વાત્સલ્ય થાય, વિશિષ્ટ પ્રભાવક હોય તો એમના પ્રત્યે - બહુમાન થાય, કોઈ ભગવાનની આજ્ઞામાં - સ્થિર હોય તો એમના માટે બહુમાન થાય એ હજુ સહેલી વાત છે. એવું નથી કે બધાંને ગુરૂ બનાવવા બધાને સમર્પિત રહેવું. શિથિલા-

Anupam

ચોર ને પોષણ આપવું એવી પણ વાત નથી. પણ એવા પ્રકારના કર્મોદયથી ભગવાનના સંસ્થામાં આવેલી કોઈ વ્યક્તિ, અને એનામાં કોઈ દોષ પણ હોય, અને એ કંઈ વિરાધના પણ કરતી હોય. અને એના પ્રત્યે ધુત્કાર, ધિક્કાર, તિરસ્કારનો ભાવ ન હોવો, અને એમનું પણ જીવન કલ્યાણ થઈ જાય, તેઓ નકલીફમાં ના મુકાય જાય, એના માટેની ચિંતા, એમના તરફથી થતી ગેરવર્તણૂક સહન કરીને પણ કરવી એનું નામ શાસનનો અવિહડ રાગ!

કરવું કોઈનું કશું નહિ, સુસાધુનું એ ના કરવું અને એવી કોઈ વિરાધના-કરનારનું એ ના કરવું અને શું કરવું ની ચર્ચા કરવી, આ શાસનના સત્યનું લક્ષણ જ નથી. અને વિભાજનની જ વાત હોય, મારા-તારાની જ વાત હોય, એક છુપી રીતે અંદરનો મત્સર રસ પોષવાની જ વાત હોય, ત્યાં શાસનનું સત્ય પહોંચતું નથી. શાસનના સત્ય-પહોંચની, માર્ગાનુસારીતાનો માર્ગ સુધ્ધાં નથી. આમ એ ભાઈ બોલ્યા ને હું હબક ખાઈ ગયો,

Anupam

કે શું એમની પ્રકૃતિ હશે, શું એમનું -
વાત્સલ્ય હશે. બધાનું બધું જાણતા હોય.
બધી ખબર હોય, બધા સમાચાર પહોંચતા હોય,
અને એ સ્થિતિની અંદર શાસન પ્રત્યેનો -
ભાવ ટકાવી રાખવો, વાત્સલ્ય ટકાવી રાખવું,
તમે કહેશો કે સાહેબ બહુ અઘરું છે ને -
હું કહું છું કે તમારી માટે પણ સહેલું છે,
તમે પણ PRACTICALLY એ જ ભૂમિકામાં
છો, ખરી રીતે તમે તમારા સંતાનો માટે એ
ભૂમિકામાં છો. એમના દોષો, એમના પાપો,
કદાચ એમના લવાડાઓ, એમના વ્યસનો,
એમની ગેરવર્તણૂક, તમે બધું જાણતા હોવા
છતા, તમારું વલણ શું હોય છે કે ગમે-
તેમ તો ય મારો દીકરો, ગમે તેમ તો એ
મારી દીકરી. અને ક્યાંક આવી કોઈ વાત -
આવી ને સીધી ચર્ચા, નિંદા, અને એવું
જરૂરી નથી કે શાસ્ત્રીય પ્રકૃતિએ શિથિલાચાર
જ હોય, એમના પક્ષે અપવાદ પણ હોય શકે.
એ માર્ગ પણ હોય શકે. મુળ સવાલ કેટલો
આચાર કે અનાચાર કે શિથિલાચાર છે કે
આચાર ચુસ્તતા છે એનો છે જ નહિ, -

મુળ સવાલ એનો છે કે જિનશાસન પ્રત્યે આપણા અંતરમાં તાત્વિક આત્મીયતા, શ્રમણ સંસ્થા પ્રત્યે, બહુમાન ભાવ છે કે નહિં એનો છે.

કયા ગુણો હોય છે આપણા સ્વજનોમાં ?

દીક્ષા લીધા પછી પણ જેમને પોતાના સહવર્તી મહાત્મા કરતા, સ્વજનનો રાગ વધારે છે, એમનામાં સમ્યક્ત્વની સંભાવના નથી.

પૂજ્યશ્રીને પ્રશ્ન :- સંસારીઓને પણ લાગુ પડે આ વૈયાવચ્ચ નું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- સંસારીઓ માટે પણ આટલી નહિ, આના કરતા વધારે ગંભીર વાત કરી.

સયણાપમુહેહિંતો જસ્સ સાહમ્મિયમ્મિ ણાહિઓ રાગો।

સ્વજન કરતા જેમને સાધર્મિક પ્રત્યે વધારે રાગ નથી,

तस्स णत्थि सम्मत्तं जिणसासणे भणियमिणं ।

એનામા સમ્યક્ત્વ નથી, એવું જિનશાસન માં કહ્યું છે. જો સાધર્મિક માટે પણ આ વાત કરી હોય, તો પછી મહાત્મા માટેની તો વાત જ ક્યાં રહી. બહુ મંથન કરીએ તો આપણને લાગશે, કે પહેલા ગુણસ્થાનકે થી પણ - ઉપર ઉપડાયા છીએ કે, પણ નહિ એમો - પ્રશ્ન છે.

જો આત્મીયતા નથી, લાગણી - નથી, વાત્સલ્ય નથી, ઉપબૃંહણા નથી, અનુમોદના નથી, દર્શનાચારનો છારો જો આપણા મોઢા ઉપર દેખાતો નથી, તો

બધી આરાધના એકડા વગરના મીંડા જેવી છે!

કોઈ મહાત્મા આવે છે ને મન આનંદ થાય છે. કદાચ કોઈ બીજા સમુદાય - ના કદાચ કોઈ બીજા ગચ્છના, ભગવાનના - શાસનનો વેષ, ભગવાનના નામે જેમણે ઘર - બાર છોડ્યા, એ પધાર્યા છે ને મારો પ્રતિભાવ

શું છે ?, મારા સંસારી સ્વજનો આવી રહ્યા છે
ને મને અંદર ક્યા પ્રકારની લાગણી થાય છે,
આ જે ઘટનાની અંદર મને શેમાં આનંદ-
થાય છે, શેમાં મને અહોભાવ થાય છે,
શેમાં મને હર્ષ થાય છે, એક સેકંડ માં-
નક્કી થઈ જાય છે કે મારામાં સમ્યક્ત્વ છે કે
નહિ. પછી કેટલા હું થોથા ભણી ગયો-
ગોખી ગયો, એ બધી જ પછીની વાત છે.

ज्ञादिप्रतिपत्तिः।

મહાત્મા મોટા પડ્યા છે. અને મારુ મન માને
નહિ. ત્યાં ને ત્યાં જ હું બેસી રહું. કદાચ એ
શક્ય નથી કે વ્યહવારુ નથી, તો દિવસમાં
બે કે ત્રણ-ચાર વાર ગયા વગર રહી નથી
શકતો, તો મારું બધું ભણેલું સફળ છે. તો
મારો તપ સફળ છે. તો મારી ક્રિયા સફળ
છે. તો મારો ગૃહ ત્યાગ સફળ છે. અને જો
આવું કશું નથી, તો મારી આ બધી જ
આરાધનાઓ ઉપર પ્રશ્નાર્થ ચિહ્ન છે !
કદાચ કોઈ દીક્ષિત પણ હોય, ચતુર્વિધ સંઘના
કોઈ પણ સભ્ય, દીક્ષિત પણ હોય, તો એક
કરુણા નો ભાવ આવે, એક ભાવ રોગના-

દર્દી તરીકે એ દેખાય, અને દર્દી પ્રત્યે કદી ગુસ્સો કરાય જ ના શકે. દર્દી પ્રત્યે હંમેશા સહાનુભુતિનો ભાવ જ કરાય શકે.

તને કેમ કેન્સર થઈ ગયું છે ને તે કેમ કેન્સરને શરીરમાં રાખ્યું છે, તે શરમ નથી આવતી તને આટલું તે ખરાબ કાર્ય કર્યું, તું ધિક્કારપાત્ર છે, તું નીકળી જ અહિંયાથી આવી વાત કદી કરાય જ નહિં. કર્મના ઉદયે એને કેન્સર થઈ ગયું છે, એમાં કેવી એની પીડા, કેવી રિબામણી, આમાં જો કરૂણાનો ને સહાનુભુતિનો ભાવ આવે એના કરતા અનેક ગણી કરૂણા- સહાનુભૂતિ - વાત્સલ્યનો ભાવ ભાવરોગના ભોગ બનેલા પ્રત્યે આવે, દોષિત- પ્રત્યે આવે, વિરાધક પ્રત્યે આવે, શિથિલાચારી પ્રત્યે આવે, આપણને હેરાન કરતા એવા પણ કોઈ સાધર્મિક પ્રત્યે આવે, જેને બહુ જ ગુસ્સો ફાટ- ફાટ થાય છે, આપણા વગર- અપરાધે, વગર દોષે જે આપણ પર તુટી પડે છે એના ઉપર એ કરૂણાનો આપણને ભાવ આવે, તો સમજવું કે આપણે સમ્યક- દ્રષ્ટિ છીએ.

નિસુણ પાંચ કહ્યા સમકિત તણાં,
ધુર ઉપશમ અનુકૂળ સુગુણ નર
અપરાધીશું પણ નવિ ચિત્ત થકી,
ચિંતવીએ પ્રતિકૂળ સુગુણ નર

અવરજ્ઞો વિ ૦૧ કુપાઇ।

સાધર્મિક ની જ વાત નથી, સાધુની જ વાત નથી, દુનિયાની કોઈ પણ વ્યક્તિ, હેરાન પણ કરે, રૂપિયા પણ દબાવે, બદનામી એ કરે, નિંદા એ કરે, મેણા-ટોણાએ મારે મારા પણ મારે, આપણી હત્યા કરી રહેલ હોય, આપણું ગળુ કાપી રહેલ હોય, એમના પ્રત્યે પણ ગુસ્સે ના થવું. આ સમ્યગ્દર્શન-નું પહેલું લક્ષણ છે

જ્ઞાનાદિપ્રતિપત્તિ:।

સમકિતિ આત્માની પણ આ ભુમિકા હોય, એવા કોમળ પરિણામ હોય. સાધુ તો ઘણા ઉંચે આવ્યા, શાસ્ત્રો ભણ્યા, ષટ્કાયના જીવોની રક્ષા કરનાર થયા, અને જેનું અત્યંત મંદ ચૈતન્ય છે, એવા એકેન્દ્રિય સ્થાવર જીવોની પણ રક્ષા કરનારા થયા. વધુ વધુ ચૈતન્ય થાય, એમની રક્ષાનો પુરુષાર્થ વિશેષ હોય,

એમની હિંસા ન થાય એનો પુરુષાર્થ વિશેષ હોય, અને જે બેઈન્દ્રિય જીવો, તેઈન્દ્રિય જીવો, ચઉરેન્દ્રિય જીવો, આગળ વધીને પંચેન્દ્રિય, આગળ વધીને સંજ્ઞિ પંચેન્દ્રિય, આગળ વધીને સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્ય, આગળ વધીને સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્ય-સાધર્મિક, આગળ વધીને સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્ય સાધુ ભગવંત, આટલી પરાકાષ્ટા એ પહોંચેલો જીવ, અને એમના ગ્લાનાદિ પણા ના પ્રયોજનમાં જે-ઉપેક્ષા કરે, જે સ્વાર્થ બુદ્ધિ ધરાવે, જેને ઘસાવું ન ફાવે, જે બીજા- ત્રીજા પર ઢોળે, એની પરિણતિ સંસાર માં રહેલ, ત્રસ સ્થાવર જીવોની વિરાધના-કરી રહેલ, ગૃહસ્થ કરતા વધારે નીચી સમજવી.

એજ અપમાનની વર્તણુક એક કુતરા પ્રત્યે થાય છે, હડ.. અ અહિંયાથી, અથવા એને લાત મારી, અથવા જોરથી લાત મારી, એના કરતા વધારે સંક્લિષ્ટ પરિણામ ત્યાં હોય છે, જ્યાં એ જ વર્તન કોઈ મનુષ્ય પ્રત્યે કર્યુ. અથવા કુતરાને જોરથી લાત મારવામાં જે સંક્લિષ્ટ પરિણામ હોય, એના કરતા ઓછો સંક્લિષ્ટ પરિણામ, કોઈક કુતરાથી નાનો જીવ હોય, એના પ્રત્યેના તિરસ્કારની

Anupam

બહાર આવે. કે કોઈએ ઘાસ ઉપર પગ મુક્યો. FOR EXAMPLE, એ જ પગ કુતરા ઉપર મુકો, વધારે સંકલિષ્ટ પરિણામ. એ જ પગ માણસ ઉપર મુકો વધારે સંકલિષ્ટ પરિણામ, એ જ પગ કોઈ-વડિલ ઉપર મુકો, વધારે સંકલિષ્ટ પરિણામ. એ જ પગ કોઈ મહાત્મા ઉપર મુકો વધારે-સંકલિષ્ટ પરિણામ, એ જ પગ ભગવાન ઉપર મુકો વધારે સંકલિષ્ટ પરિણામ.

સભાનો પ્રશ્ન :- પણ સાહેબ ધ્રુવ તો બધામાં સરખો જ હોય ને.

પૂજ્યશ્રીનો ઉત્તર :- ધ્રુવ બધામાં સરખો જ હોય તો શા માટે સંકલેષ આમાં વધારે માનવાનો. પરિણામની કઠોરતા, નિષ્ઠુરતા-શા માટે, સીધો જવાબ છે. આપણા અનુભવથી જ સમજાય છે કે આમાં પરિણામ વધારે-સંકલિષ્ટ થાય છે. તમે કોઈ કુતરાને ગાળ આપો ને તમારા મા-બાપને ગાળ આપો, જેમાં ફેરક પડે છે. ચંદાવિજ્જય પયન્ના આગમ સુત્ર બહુ સ્પષ્ટ કહે છે.

Anupam

विज्जं परिभवमाणो आयरियाणं गुणे अपयासिंतो ।
જે જ્ઞાનનો પરાભવ કરે ને જ્ઞાન દાતા ગુરુ અથવા દીક્ષા દાતા ગુરુના ગુણ ન ગાય. પગ મુકવાની વાત નથી, લાત મારવાની વાત નથી, ગાળ આપવાની વાત નથી. જે ગુરુના ગુણ-ગાય નહિ, એ મરીને કઈ ગતિમાં જાય છે ત્યાં જવાબ આપ્યો,

रिसिघायगाणं लोए वच्चइ मिच्छत्त संजुत्तो ॥
ઋષિ ઘાતક, ઋષિ ની હત્યા કરનાર જે ગતિમાં જાય, એ ગતિમાં તે વ્યક્તિ જાય, કે જે ગુરુના ગુણ નથી ગાતા. એટલે એક કુતરાને ગાળ-આપવા કરતા પણ વધારે સંક્લિષ્ટ પરિણામ, ગુરુના ગુણ ન ગાવામાં, એમનું અવ્યક્ત અપમાન કરવાની અંદર છે. ભલે પ્રત્યક્ષ ઘસાતુ નથી બોલ્યા કે ગાળ નથી બોલ્યા. પણ ઘણા કઠોર-પરિણામ હોય તો જ એવું બને. કે આપણા-ઉપકારી, આપણા જ્ઞાનદાતા, આપણા દીક્ષાદાતા, આપણા, સમ્યક્ત્વ દાતા, એમના ગુણ આપણે ગાઈએ નહિ. એની માટે જ પ્રાયશ્ચિત શાસ્ત્રોમાં પણ એ સુક્ષ્મ જીવો એ એકેન્દ્રિય જીવો, એની કરતા બેઈન્દ્રિય જીવો ની વિરાધનાનું પ્રાયશ્ચિત

વધારે બતાડ્યું. એના કરતા તેઈન્દ્રિયમાં વધારે, એની કરતા ચઉરેન્દ્રિયમાં વધારે, એના કરતા-અસંજ્ઞિ પંચેન્દ્રિયમાં વધારે, એની કરતા સંજ્ઞિ-પંચેન્દ્રિય વધારે, અને જિનશાસનના ભવ્ય હોય, એના કરતા વધારે, મહાત્મા હોય એના કરતા-વધારે, કારણકે એમનું ચૈતન્ય વધારે છે.
POST ઉંચી છે. એક માણસને લાફો મારો, અને CM ને લાફો મારો. જેમાં ઈફ સરખો-નથી. POST ચડે છે એમ તમારી ધિઠ્ઠાઈ પણ એમના પ્રત્યેના અપરાધમાં વધે છે. સંક્લિષ્ટ પરિણામ વધે છે, એમને જેમ LOWER CAST ના માણસો હોય વાતે વાતે જે ચાર ગાળો બોલી જતા હોય, અને એમને એવા વાક્યો બોલતા-એવો સંક્લિષ્ટ ભાવ પણ ન પડતો હોય.

તમે ઉપર જાણ્યા ને તમે એવો કોઈ શબ્દ બોલો, અમારા LEVEL ની વ્યક્તિને બોલો, આ અત્યંત સંક્લેશ વગર સંભાવિત જ નથી. સમજવા જેવી વાત, એક નાના ચૈતન્ય વાળા, નાની ભુમિકા વાળા જીવ પ્રત્યે મોટા અપરાધ કરવા કરતા પણ, ઉંચી ભુમિકાએ રહેલા જીવ પ્રત્યે

Anupam

કરેલો નાનો પણ અપરાધ એ વધારે મોટો છે. માછીમાર છે, માછલા પકડે છે, રોજનું છે, આપણે જોઈએ તરફડતી માછલીઓને તો આપણને ખાવું નહિ ભાવે, રાતે ઊંઘ નહિ આવે. માછીમાર માટે એ એવી કોઈ મોટી ઘટના પણ નથી, એ એને પાપ પણ નથી માનતો, કદાચ એને રોજી માને છે.

(

જિનશાસનમાં આવ્યા પછી, તારક-તત્ત્વો મળ્યા પછી, હવે ગુરુ મળ્યા પછી, સંઘ મળ્યા પછી, એમના પ્રત્યે ઉછળતો બહુમાન ન હોય, અથવા કંઈક અસદ્ભાવ હોય, એક અપેક્ષાએ એવા તીવ્ર વિરાધક, તીવ્ર પાપી, ધીવર કરતા પણ આપણું પાપ વધારે તીવ્ર છે. માછીમારને ઋષિ હત્યાનું પાપ લાગે છે એવું શાસ્ત્રમાં ક્યાંય કહ્યું નથી. ગુરુના ગુણ ન ગાય એને ઋષિ હત્યાનું પાપ લાગે એવું શાસ્ત્રમાં કહ્યું છે. આ બધા પદાર્થો બહુ ગંભીર છે એને એકાંતે એકાંતે લઈએ, તમે આજે ગુરુના ગુણ નથી ગાયા તમને પાપ લાગ્યું ઋષિ હત્યાનું, એવું CERTIFICATE કોઈને આપતા નહિ.

એટલું સમજવા માટેની વાત છે. સૂક્ષ્મ વાત છે કે આપણી પરિણતિ એ કેવી છે. અને શાસ્ત્રમાં જ્યાં - જ્યાં, જ્યાં - જ્યાં, જે - જે પ્રાયશ્ચિત - આપ્યું, ત્યાં એ પ્રાયશ્ચિત આપવા પાછળનું - કોઈ, માપદંડ એક જ હોય છે, કે એ પાપ - કરતા તમારી પરિણતિ કોમળ હતી કે કઠોર હતી.

અંગારમર્દક આચાર્ય જેવા હોય, કોલસી હોય. પરીક્ષા માટે પાથરી છે રાતે નીકળ્યા છે, કચ.. કચ.. કચ.. કચ.. અવાજ આવે છે, અને બોલે કે મહાવીરના જીવડા તમે વચ્ચે આવો તો મરો એ ખરા. અભવ્ય નો જીવ છે. - સંકલિષ્ટ પરિણામ! અત્યંત મલિન પરિણામ! અને આ પરિણામની અંદર ઘોર પાપનો બંધ. અને કોઈ મહાત્મા છે, ગ્લાન મહાત્મા માટે કંઈક ઉપયોગ કરાવવો પડ્યો, જંગલની અંદર, જ્યાં કોઈ વૈદ નથી, જ્યાં કોઈ શ્રાવક નથી, ગુરુ કે મહાત્મા સર્પના ડંખ થી મૃત્યુ પામે. એવી પરિસ્થિતિ છે, અને ત્યાં જયણા વનસ્પતિની ન છૂટકે પોતાના હાથે પણ કરવી પડી. અંગાર મર્દક આચાર્ય થી દ્રવ્યથી ભેદએ, સ્વરૂપથી ભેદએ

તો એક પણ પૈસાની વિરાધના થઈ નથી કારણ કે કોલસી એ અચિત વસ્તુ છે, અંધારુ છે, એટલે એમને ખ્યાલ નથી, જીવ નથી આવ્યા પગમાં. એક પણ જીવ મર્યો નથી. અને છતાં પણ ખુબ મોટું પ્રાયશ્ચિત આવે.

કોઈક એવું ક્યાંક ઘરે જઈને અપકાય, તેઉકાય, વનસ્પતિકાય એની વિરાધના કરાવવી પડી પણ મહાત્મા અગૃત છે, ઉપયોગવત છે, જયણાવત છે, આજ્ઞા સ્થિત છે, જિનાજ્ઞામાં નિષ્ઠા વાળા છે. અને ગ્લાન મહાત્મા એમના આરોગ્ય માટે, સ્વાસ્થ્ય માટે, ચિકિત્સા માટે, પોતે જેટલી જરૂર છે એટલો કંઈક ઉપયોગ કરાવે છે, તો એનું પ્રાયશ્ચિત કેટલું, શાસ્ત્રકાર ભગવંતો એ કહ્યું

ગીયત્થો કડજોગી જયણાઈ કારણમ્મિ નિદ્દોસો

ગીતાર્થ છે, શ્રુતયોગી છે, સંયમમાં સ્થિર છે, એવુ નહિ કે બેફામ છુટી લઈ લેવાની, ન-છુટકાનું હોય એ સિવાય વિચાર સુદ્ધાં નહિ, આ જે એમની તૈયારી છે,

કડજોગી જયણાઈ

કારણ પણ છે, ન છુટકાનું પણ છે, પોતે ગીતાર્થ પણ છે, જે કરવાનું છે, એમાં જયણા ન રાખે તો દોષ લાગે, અને જયણા છે, અને ચોથા નંબરમાં કારણ છે, ગીતાર્થ, કૃતયોગી, એટલે કે સંયમી, સંવિગ્ન મહાત્મા, ત્રીજા નંબરમાં જયણા, ચોથા નંબરમાં કારણ, અને એ સ્થિતિમાં જે કરવું પડે, એનું પ્રાયશ્ચિત શું આવે, શાસ્ત્રમાં કહ્યું શુન્ય - પ્રાયશ્ચિત આવે.

કારણકે ત્યાં પરિણતિ નિર્મળ છે!

કારણકે ત્યાં પરિણતિ કોમળ છે!

એક જીવ નવો મર્યો, એવું કંઈ કર્યું નથી, એવું થઈ શકે એવું પણ નહોતું કારણકે, જીવ હતો જ નહિ. પરિણામ નિષ્ઠુર અને મલિન છે, તો એનું મોટું પ્રાયશ્ચિત આવે.

ग्लानादि प्रतिपत्तिः ।

શિષ્યોનો પ્રશ્ન :- પરિણતિ ને કઈ રીતે ઘડાવવી ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- બે માપદંડ છે, એક અંતઃકરણ અને બીજું - ગુરુ આજ્ઞા. મહાત્માએ જે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો, જે જ્ઞાન મેળવ્યું, જે અનુભવ થયો, ક્યારે ગુરુ એ કઈ રીતનો વ્યવહાર કર્યો એ બધું જોયું. વાચના, હિત શિક્ષા લીધી, આ બધાથી જે એમને બોધ મળ્યો એ બોધને અનુસારે તે પરિસ્થિતિમાં અંતઃકરણ બોલે છે એ પણ એક માપદંડ છે અને અંતઃકરણ કહે એવું કરી દેવું એવું પણ નથી. એની સાથે મહાત્મા ગુરુની સાક્ષી, ગુરુની મહોર પણ લેશે, કે ગુરુદેવ આવું આવું છે. આમાં આપ શું કહો છો, શું કરવું જોઈએ ? અને આ બેના આધારે પછી જે કરવામાં આવશે એમાં પરિણતિ ની કોમળતા ને નિર્મળતા રહેશે. આ બેની ઉપેક્ષા કરવામાં આવે, અંતઃકરણમાં જેને જે લાગ્યું એ કરે એવું નથી. અંતઃકરણથી વર્ષોના સંયમ પર્યાય પછી, યા તો ગૃહસ્થના પણ વર્ષોથી ગુરુગમથી મેળવેલા જ્ઞાનના આધારે, સમજણના આધારે, જે માન્યતા ઘડાઈ, ~~એને~~ અંતઃકરણથી લઈએ.

અને ગુરુ આજ્ઞા ત્યાં ગુરુનું FACTOR પણ લઈએ, આ બે ના આધારે નક્કી થાય, કે - આ ઘરનામાં કેવા પ્રકારની આચાર-વ્યવહાર કરવાથી આપણી પરિણતિ કોમળ અને નિર્મળ રહેશે.

મલયગિરિ સૂરી મહારાજ કહે છે,

ते स्तोकेन प्रायश्चित्तेन शुद्धिमाप्नुवन्ति ।

તેવા જીવો, કોમળ પરિણામ વાળા જીવો, થોડા જ પ્રાયશ્ચિત થી શુધ્ધ થઈ જાય છે. કઠોર - પરિણામ વાળા જીવો, જેમ તથાવિધ વસ્ત્ર - તથાવિધ ડાઘ એમાં અઠળક ગીઝુમ વાપરવું પડે, તો શુધ્ધિ થશે, એ રીતે એવા પ્રકારના જીવો, જેઓને ઉપાશ્રયની બહાર આવવું ગમતું નથી, મહાત્મા સાથે છે, મોટા છે- એની કોઈ પડી નથી, અથવા દીક્ષા પણ - લીધી છે, પણ હું ભલો, મારું કામ ભલું, હું કંઈ જાણું નહિ, મને કાંઈ લાગે વળગે નહિ, અને મારી એ જવાબદારી નહિ, આવું જે માને, તેઓ સમાન હોવામાં અનેકે ગણા - પ્રાયશ્ચિત થી શુધ્ધ થાય છે.

હરીભદ્રસૂરી મહારાજ આગળ વધી છે,
પરોદ્વેગાહેતુના ।

સંયમ ભુવનની અંદર કદી પણ બીજાને ઉદ્વેગ થાય, એવું કરવું ન જોઈએ, સત્તરમાં નંબરના સુત્રમાં હરીભદ્રસૂરી મહારાજ કહે છે, કે જેમ આપણે નથી, હું નથી, એ બધા પર. પરમાં બીજા મહાત્મા આવી ગયા, બીજા સમુદાયના મહાત્મા આવી ગયા, બીજા ગચ્છના મહાત્મા આવી ગયા, શ્રાવક શ્રાવિકા આવી ગયા. અજૈનો આવી ગયા, અજૈન બાવા, જોગી, સન્યાસી વગેરે પણ આવી ગયા.

કદી પણ કોઈને પણ ઉદ્વેગ થાય, એવું વર્તન સાધુએ કરાય નહિ. દસ-વૈકાલિક આગમમાં એક પદાર્થ બતાડયો, મહાત્મા ગોચરી ગયા છે, અને ગોચરી એ ગયેલા-મહાત્મા, એ જુએ છે કે પોતે જે ઘર તરફ જઈ રહ્યા છે, એ ઘર તરફ એમની આગળ કોઈ તાપસ, પરિવ્રાજક, બાવાજુ પણ જઈ રહ્યા છે. ત્યાં સાધુએ શું કરવું ? ઝડપ વધારી દેવી, FAST ચાલવું, એમની પહેલા પહોંચી જવું અથવા

એ પહોંચ્યા છે ને ત્યાં પાછળ પોતે પણ-
આવી ને ઉભા રહેવું. દસવૈકાલિક આગમમાં-
કહ્યું,

तम्इक्कमित्तु ण पविसे ण चिट्ठे चक्खुगोअरे।

એ જાવાનું, તાપસને OVERTAKE કરીને
સાધુએ ત્યાં પહોંચી ન જવું. આગળ વધીને
સાધુએ એમની સાથે ત્યાં પંહોંચી ને એમની
બાજુમાં, એમની સાથે સાથે કે એ વહોરવા-
આવ્યો છું, આવુ પણ ના કરવું. આગળ-
વધી ને એમની કે ગૃહસ્થની દ્રષ્ટિ સુધ્ધા પડે
ત્યાં સાધુએ પહોંચવું નહિ, એવી જગ્યાએ પણ
ઉભા રહેવું નહિ.

एगंतमवक्कमित्ता तत्थ चिट्ठिज्ज संजए।

સાધુએ શું કરવું ? તો એવી જગ્યાએ જ્યાં
એમની કોઈની દ્રષ્ટિ ના પડે ત્યાં ઉભા
રહેવું,

पडिसेहिए व दिन्ने वा तओ तम्मि नीयत्तीए।

એમને વહોરાવવામાં આવ્યું, આપણી ભાષામાં
એ લોકોના પણે આપવામાં આવ્યું, એ જતા રહ્યા.

उवसंकमिज्ज भत्तट्ठा पाणट्ठा व संजए।।

અને એની પછી ગોચરી કે પાણી માટે મહાત્મા-

Anupam

એ ઘરે જઈ શકે. પ્રશ્ન કર્યો દસવૈકાલિક-
આગમ ની અંદર, ગર્ભિત રીતે કે આવું બધું
શા માટે શીખવાડો છો. આ બધાની જરૂર
શું છે કે આપણે સરળ આપણે છુપાડવાની શી
જરૂર કે અને ત્યાં જવાબ આપ્યો,

वणिमगस्स वा तस्स दायगस्स उभयस्स वा

યા એ બાવાજી ને અપ્રિતી થાય, યા એ
ગૃહસ્થ ને અપ્રિતી થાય, યા બન્ને ને અપ્રિતી
થાય,

उप्पत्तिउं सिउा हुज्जा लहुत्तं पवयणस्स वा

અથવા જિનશાસનની પણ હિલના થાય કે
સાધુ એમની સાથે આવ્યા, કે ઝડપથી ચાલીને
એમની આગળ આવી ગયા. અને ત્યાં ઉભા
રહી ગયા ને બાવાજી ને થાય કે આ આવી-
ગયા હવે મને નહિ આપે. કેટલી સુક્ષ્મ કાળજી
જિનશાસનની અંદર,

પરોદ્વેગ પરિહાર

માટે બતાડી કે તમે કોઈ ને પણ કદી પણ
ઉદ્વેગ થાય, એવું કામ કદી કરના નહિ. બહુ
ગંભીરતાથી વિચારીએ, કોઈને અપ્રિતી ન થાય
માટે ભગવાને ચાલુ ચોમાસે વિહાર કર્યો,

07.11.2021

શાસનની પ્રભાવના ઓછી થાય તો ચાલે, સંયમ જીવનની અંદર કંઈ તકલીફ પડે તો ચાલે, આપણી ઈચ્છા પુરી ન થાય તો ચાલે, ગૃહસ્થો ના પણ આપણું ધાર્યું થાય ન થાય, ધાર્યું મળે ના મળે, બધુ ચાલે. કોઈના પણ-ઉપયોગમાં કદી પણ નિમિત્ત થવું નહિ. આપણ હિંસા છે, આ પણ દોષ છે, આ પણ-એક પ્રકારે તેને કહી શકાય, સંસાર વધારવાનું નિમિત્ત છે. માટે આવું કદી પણ કરવું નહિ. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ.

11 · 11 · ૨૦૨૧

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૬૦

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, ધર્મ બિંદુ ગ્રંથના પાંચમા અધ્યાયના સત્તરમાં સુત્રમાં કહે છે,

परोद्वेगाहेतुता ।

હરીભદ્રસૂરી મહારાજના શબ્દો, ટીકાની અંદર- પંચાસક નું સાક્ષી કહેવા દ્વારા પૂજ્ય મુનીચંદ્ર- સૂરી મહારાજ ટાંકે છે,

धम्मत्थमुज्जएणं सव्वस्सापत्तियं ण कायव्वं ।

જે આત્મા ધર્માથી હોય એણે કદી પણ કોઈ- ની પણ અપ્રીતી ન વહોરવી.

इत्थ य भयवं उदाहरणं ।

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પણ એમાં - ઉદાહરણ છે, તમે ઘાસની ઝુંપડી સાચવના નથી, પંખીઓ પણ માળો સાચવે, તમે- રાજકુમાર થઈને પણ બારનું સમજતા નથી ? અને કહી દીધું એની રીસમાં ભગવાને વિહાર- કર્યો ન હતો. મારા નિમિત્તે એક પણ વ્યકિતને અપ્રીતી થાય, એવું મારે કરવું નથી, આ BASE ઉપર ભગવાને વિહાર કર્યો હતો. પેલાનું માનવા મયને ઝુંપડી સાચવવા મય, કે ભાઈ ભુલ થઈ હવે થી સાચવશું તો ભગવાનનો કલ્પ, ભગવાનનું શ્રામણ્ય સચવાતુ નથી.

ભગવાન ન માને, સાંભળી લીધું, એમની સાથે ગુલાંટો માં પડ્યા, અમારો આચાર નહિ ને આમ નહિ ને તેમ નહિ ને પેલા કોઈ સમજે નહિ. અને ત્યાં જ રહેવું, અને બધાને અપ્રીતી થયા કરે, આ પણ ભગવાનને પસંદ ન હતું. થોડો પણ સ્વભાવ કઠોર હોય, નિષ્ઠુર હોય, બીજાની અવગણના થઈ શકે અથવા ઉપ-CHANCE થયા પછી, હૈયું ડંખ્યા ન કરે તો ઈચ્છુ આપણે જિનશાસનને સમજ્યા નથી.

**જ્યાં માખણ જેવું કોમળ હૃદય છે ત્યાં જિનશાસન છે.**

બધા પાત્રા તૈયાર કર્યા ગોચરી નીકળવાની તૈયારી માં છીએ, કોઈ પુછે છે કે પાત્રુ લઈ જઉં ? ના પાડવું જ શક્ય ન બને. મારે જવું છે એતા નથી, મારે જોઈએ છે, મારે જરા જવું હતું, કશું શક્ય ના હોય લો ને એમાં પુછવાનું શાનું, આપનું જ છે. ત્યાં જિનશાસન છે. કોઈ ભુલથી તમારા-ચાપલ પહેરી ને વ્યાખ્યાન પછી જઈ રહ્યું છે, તમે એને કહી ના શકો, મને આનો લાભ મળ્યો

એમ વિચારી લો. આનું નામ જિનશાસન!
હૈયું એટલું કોમળ, એટલું પોચું, કોઈની પણ
અપ્રીતીમાં પરોક્ષ રીતે, વગર વાંકે નિમિત્ત-
બનવું આપણને પાલવે એવું ના હોય. એનું
નામ જિનશાસન.

મા અને દીકરી કરીયાણું લેવા-
ગયા છે, વજન કરતા વેપારીએ ગરબડ કરી છે,
મા નું ધ્યાન નથી દીકરાને ખ્યાલ આવ્યો છે,
વળતા રસ્તામાં કહે છે કે મા પેલાએ ગરબડ-
કરી હતી વજનમાં, મા એ કહ્યું ત્યારે જ
કહેવું હતું ને. અને બાળકે કહ્યું કે ત્યારે
કહેત તો પેલા વેપારી શરમાઈ જાત મા!

જિનશાસનમાં જન્મ લીધા પછી,
આરાધક બન્યા પછી, આયંબિલ કરતા થયા,
વ્યાખ્યાન સાંભળતા થયા, દીક્ષા આપણે લીધી,
જ્યાં પણ આપણે પહોંચ્યા, બીજા દોષોદ્ઘાટન
કરવા, બીજાના મર્મ બોલવા, દુખતી નસ-
દબાવવી, બીજાની ઉઘાડા પાડવા. બીજાને નથી
ગમતું છતા કરવું, બીજાની અપ્રીતીનો પરિહાર ન

કરવો. કોઈની લાગણી દુભવવી આ પણ હિંસા છે. આટલી સીધી વાત આપણને સમજાય નહિ, કઠોર નઠોર બની શકીએ, તો આપણી આરાધના ના ફળો ના ભાગાકાર થઈ જશે. તાત્વિક દ્રષ્ટિએ આપણે જિનશાસનમાં હોઈશું નહિ, હજુ ઘણો સંસાર ભટકવાનો બાકી હશે.

મેતારજ મુનિ નથી ક્રૌંચ પક્ષીને પણ દુ:ખ થાય એવું કરતા, મારે કહેવું નથી કોણે જવલા ચર્યા, પણ મારા પર આરોપ કરે છે ને ભયંકર પાપ લાગશે. શ્રેણિક રાજા એ સજા કરશે, કર્મ સત્તાએ સજા કરશે. પરમાધામીઓ તને રીબાવી રીબાવી ને મારશે, છોડી દે મને, ભાન પડે છે, જોઈ લે મારા પાત્રા. મેં નથી લીધા જવલા. મેતારજ મુનિ, શું ભુમિકા હશે, વિચાર કરો ! કેટલું બધું આપણું ઉછાંછળા પણું, કેટલા કષાયો, કેટલો અહમ, કેટલી બાલીશતા, કેટલી મુર્ખામી, કેટલી હદ બહારની આપણી નફફટાઈ. નથી મનથી મૌન રહી શકતા, નથી વાણીથી મૌન રહી શકતા, નથી તનથી

મૌન રહી શકતા. કેટલો બધો ઘોંઘાટ મચેલો છે. કેટલા સંકલેશો. અને આપણે કહીએ શાંતિ નથી. ક્યાંથી શાંતિ હોય ! ક્યાંથી પ્રસન્નતા હોય !

(ર)

સભાનો પ્રશ્ન :- જિનશાસનમાં આત્મહત્યા-કરવાની એક બાજુ ના છે, અને બીજી બાજુ મેતારજ મુનિ જેવા ખુલાસો પણ ના કરે, તો એ શાસ્ત્ર વિરુદ્ધ જ થયું ને.

પૂજ્યશ્રીનો ઉત્તર :- બહુ સરસ મઝાની પંક્તિની અંદર, આ સવાલ નો જવાબ આપ્યો છે, વાત મેતારજ મુનિ ની હોય કે વાત ગજસુકુમાલની હોય, ... આતમ નિંદે આપણો.. સોનીનો શો દોષ !

જન્માંતરમાં જે કર્યા, એ આ પૂર્વ અપરાધ !

ભોગવતા ભલી ભાંત શું, શુક્લ ધ્યાન આસ્વાદ !

આપણી પાસે છે ને આપણા બચાવો છે કે આપણે આવુ કંઈ નથી કરતા ને

એમાં પણ આપણે શાસ્ત્ર સમર્પિત જ છીએ અને આ તો ભગવાને કીધું છે ને એટલા-માટે, ઘણી વાર આપણો આગ્રહ હોય છે સામે વાળો દોષમાં ન પડી જાય ને એટલા માટે. પણ આપણી સહિષ્ણુતા નથી, ઉપસર્ગ ને-મહોત્સવ તરીકે જોવાની ક્ષમતા નથી, જે આવ્યું એ સહન કરી લેવાની વૃત્તિ નથી, ત્યાં-આપણી ક્ષમતા જતી નથી.

બીજુ હું તમને કહું સ્થવિર-કલ્પની અંદર કદાચ એવા અપવાદો છે કે આપણા સમયે ખુલાસો કરીને પણ હવે તમારી દશા જ નથી કે એમાં તમારી સમાધિ રહે છે ને, આર્તધ્યાનની અંદર મૃત્યુ પામીને દુર્ગતિમાં જવું. કુતરો આમ ભસી જતો હોય તો દાંડો બતાવવી એ પડે, કુતરાને આવવા દેવો ને શરીર વોસિરાવી દેવું, આ સ્થવિર કલ્પનું કામ નથી. પણ આપણા ઉપર એવા-ઉપસર્ગો જ નથી હોતા અને આપણી-આટલી નાની, છોરા જેટલી સહિષ્ણુતા એ નથી હોતી. બે ય વસ્તુ છે.

કોઈના બે શબ્દો પણ સહન કરવા તૈયાર નથી. જરા પણ મનને વાળવું નથી, જરા પણ સમતા રાખવી નથી, અને આપણે મેતારજ મુનિ ઉપર વિચાર-વિમર્શ કરી શકીએ છીએ. એમની એકલાની વાત નથી, આપણા બધાની વાત છે. એ એમની ભુમિકા હતી. એ એમની સહિષ્ણુતા હતી. ચરમ શરીરી, પ્રથમ સંઘયણી મહાત્મા, ગમે તેવો ઉપસર્ગ થાય અસમાધિ થવાની નથી. અપકશ્રેણિ માંડવાના છે. આત્માનો નિસ્તાર કરવાના છે.

મેતાર્યસાધો: સમતાસમાધે:।

આટલું નક્કી કરવું છે, કે જ્યાં મરી જવા જેવું ના હોય, શરીરના અંગો પાંગો ગુમાવવાના ના હોય, જ્યાં માત્ર માનસિક સહન કરવાનું છે, ત્યાં તો આપણે સહિષ્ણુતા ટકાવી જ રાખવી. આટલું નક્કી કરવું છે કે જ્યાં બીજાને અપ્રીતી થાય, એવું કોઈ કામ મારે કરવું નથી.

તમે વ્યાખ્યાનમાં જે કપડા પહેરીને આવો છો, ભલે સભ્ય હોય, મર્યાદા વાળા હોય,

Anupam

એનો રંગ તમારી બાજુમાં બેસનાર વ્યક્તિ ને ન ગમતો, ભલે એ એમનો વિષય નથી, લેવા-દેવા નથી, અધિકાર નથી. અને છતા-તમે એ જ પહેરીને આવો, અને ધારોકે એમનું થોડું કચવાતુ હોય, બહુ જ ક્ષુલ્લક બાબત છે. તમને ખબર છે ને છતા તમે એ જ પહેરીને આવો એ તમારી આરાધનાની ખામી છે, આ વાત તમને સમજાય છે?

અને તમે એમનું મન સાચવો, એમને માન આપો, એમની અપ્રીતી, શક્ય છે એ સાવધ્ય નથી. તમે શું લેવા દેવા, તમારે એ બધું જોવાનું નહિ, મારે જે કરવું હોય એ હું કરીશ. હું તો આજ પહેરીશ, જાવ! કચવાતું હોય તો ભલે કચવાતુ તમારું મન! આ ધૃષ્ટતા છે, તો એ પણ હૈયાની નિષ્ઠુરતા છે.

સભાનો પ્રશ્ન:- ધારોકે કોઈ મહાત્મા કોઈ-જીનલીંગમાં ગયા ને અજૈન ના ઘરે ગયા, એ જોઈને કોઈ જૈન નું મન કચવાતું

હોય તો એવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એવા સમયે, ON THE SPOT એવું લાગે કે એમનું મન કચવાઈ જ રહ્યું છે તો એ બિલ્ડીંગ છોડી દેવું. અને એવા જે અધિકારી ગુરુ ભગવંતો હોય, એ સંઘને જ્ઞાન આપતા રહે, કે સાધુનો આચાર શું છે ! એક ઉદાહરણ છે, તમને - કોઈ પણ નિમિત્તે, ક્યાંક એવું થયું જ્યાં સમજ્યું નથી, અથવા આમાં મન કચવાય છે, કે અમારી સામે આ ફલાણું ઘર હતું ને ત્યાં મહાત્મા ગયા, તો તમે કોઈ ગુરુ ભગવંતને પુછી શકો. મન કચવાવું, એ ચર્ચાની વાત નથી, એમાં કરતા ખુલાસો કરી લો તો વાત પુરી થઈ જાય.

શાસ્ત્રીય આચાર શું છે, ભગવાનની આજ્ઞા શું છે, મહાત્મા માટે મને આવો વિચાર આવી ગયો, મહાત્મા સાચા જ હશે, પણ મને સાચું જ્ઞાન મળે આ ભુમિકાથી તમે પુછી પણ શકો છો. ગોચરી ગયેલા મહાત્મા સાથે કોઈ ખુલાસો કરાય નહિ. ન મહાત્માએ ત્યાં ઉપદેશ

અપાય. ન તમારે ત્યાં પ્રશ્નો કરાય. અત્યારે
માત્ર ગોચરી સંબંધી, શુ ખપ છે, વહોરવું છે,
નથી વહોરવું, બસ ધર્મલાભ વાત પુરી.

चिट्ठिज्ज अयंपिरो ।

ખુલા ભોડી કર્યા વગર, ઉપદેશ- કથા કર્યા વગર

गोअरग्गपविट्ठो य कहं च न पबंधिज्जा ।

ગોચરી ગયેલા મહાત્માઓએ ત્યાં કથા, વાર્તા,
ઉપદેશ વગેરે કરવું એ અમારો આચાર નથી.
સંગમે ખીર વહોરાવી છે એમાંથી શાલીભદ્ર-
થયા છે, અને સંગમ જૈન હતો નહિ, એટલે
આચારનું જ્ઞાન આ રીતે મેળવી શકાય.

આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૬૧

સુત્ર નંબર અઢારમાં હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

ભાવત: પ્રયત્ન:।

હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે, નદી આખી માણસ ઓળંગી ગયો, પણ એક અંગુઠો પણ પગનો પલળ્યો નહિ કારણકે માણસ પુલ ઉપરથી પસાર થઈ ગયો.

દીક્ષા તમે લીધી સાધનાના ક્ષેત્રમાં તમે આવ્યા, તમે પ્રતિક્રમણ કરશો, પડિલેહણ-કરશો, સ્વાધ્યાય કરશો, ભક્તિ કરશો, પણ કરવું પુરતુ નથી, સાથે સાથે પલળવું પણ જરૂરી છે.

ભાવત: પ્રયત્ન:।

એક સુત્ર છે,

## ઉપયોગ એ ધર્મ !

ઉપયોગ એ ધર્મ એનો અર્થ શું ? જેટલા અંશે તમારો ઉપયોગ છે, એટલા અંશે ધર્મ છે. એક ચૈત્યવંદન કર્યું, પંદર મિનિટના ચૈત્યવંદનની અંદર ધારોકે મારો ઉપયોગ પચ્ચીસ સેકંડ માટે હતો, તો મારો ધર્મ પંદર મિનિટમાં કેટલો થયો ? પચ્ચીસ સેકંડ સમય પુરતો મારો ધર્મ થયો.

જ્યાં ભાવ ભળે છે ત્યાં તાત્વિક ધર્મ થાય છે !

જ્યાં ભાવ ભળતો નથી, ક્રિયા-માત્ર છે, જે એક પ્રવૃત્તિ છે. એક અધિકાર કાલ કલેષ છે, છોડી દેવાની વાત નથી, ભાવ-ઉમેરવાની વાત છે.

ઉપયોગ એ ધર્મ !

જેટલા અંશે ઉપયોગ એટલા અંશે ધર્મ.

જેટલું ભીંજાયા એટલો ધર્મ !

જેટલું પલળ્યા એટલો ધર્મ !

જેટલો ઉપયોગ રહ્યો એટલો ધર્મ !

હરિભદ્રસૂરી મહારાજ કહે છે, ત્રણે તરીતે, મનથી-વચનથી, કાયાથી, તમે ધર્મમાં પ્રવૃત્ત થશો.
મુનિચંદ્રસૂરી મહારાજ આ સુત્રની બીજી રીતે વ્યાખ્યા કરી છે કે, જે આગલા સુત્રમાં કહ્યું

परोद्देशाहेतुता।
अमे कहीअे छीअे के आ सुत्रनो अर्थ अे छे,
भावत: प्रयत्न:।
तमे बहु लागणी साथे, काळजी साथे, उपयोग साथे, अेवो प्रयत्न करशो, के दुनियामां कोई-पण जीवनी अप्रीतीमां तमारे कारण न बनवुं-पडे.
अेमने गुरुदेवे क्यारेक कहुं, के पेलो माणस छे अेने जरा बोलावो. कंईक गुरुदेवने प्रयोजन थयुं होये, WHEEL-CHAIR चलावनार माणस होये, अेने बोलाववानो होय, अने अमे अेने बोलाववा गया, माणस छे, पगारदार छे, तमारी भाषामां नानो माणस. अे सुतो होय अने अमे गुरुदेवने कहीअे के अे भाई सुता छे, तो गुरुदेव कहे के हमणां-रहेवा दे, पछी वात. भले पगारदार छे, भले नानो माणस, भले आपणे त्यां अेनी अेके-नोकरी कही शकाय, भले कदाच आडा टाईमे सुतो पण होय, अेने जगाडवो अे उचित नथी. अेक मानवता ना BASE नी वात छे, कोईने पण आता के सुवा अंतराय कराय नहि.

અમે પાણી વહોરવા જઈએ, ત્યાં ના આગસો, ભલે પગારદાર હોય, સંઘે રાખેલા હોય, એ-ચા પીતા હોય, એ ચા મુકી દે. અને મને પાણી વહોરાવવા આવે અને હું પાણી વહોરીને ઠંડે કલેજે જઈ શકું, સાધુતા તો બહુ દૂરની-વાત છે, મારામાં માનવતા પણ નથી. હું જઉં ને દૂરથી મારી દ્રષ્ટિ પડે ને ખ્યાલ આવે તો હું આડો ઉભો રહી જઉં. એમનું પતી જાય પછી હું જઉં. અથવા તો ધારોકે એમનું ધ્યાન જતું જ રહ્યું છે ને ઉભા થવા જાય તો હું કહું કે તમે ઉભા નહિ થતા, મને દોષ લાગશે. કોઈને ખાતા-પીતા કઈ રીતે ઉભા કરી શકાય. કોઈ ને-અડધા ભાણે કઈ રીતે ઉભા કરી શકાય? કોઈને અડધી ચા એ બોલાવી કઈ રીતે શકાય? કોઈની ઊંઘ આંખી ગાઢ કારણ સિવાય ઉડાડી-કઈ રીતે શકાય? અને ખુબ જ ન ચાલે, ફાવે જ નહિ, આવું અંતઃકરણ હોય તો ધર્મની પ્રાથમિક યોગ્યતા આપણામાં છે એક કુતરો પણ સુતો છે, આપણે રસ્તા પરથી જઈ રહ્યા છીએ, એ કાળજી હોય કે મારા કોઈ પગલાના-અવાજથી પણ એ કુતરો જાગી ના જાય.

આવી જે કાળજી હોય તો આનું નામ,
भावतः प्रयत्नः।
ગોચરી ગયા ખ્યાલ આવ્યો કે આ ઘરમાં એમને વહોરાવવા માટે ઉભા થવું પડ્યું, એ ગમ્યું લાગતું નથી. એ જે રીતે આવ્યા એના પરથી એવો ખ્યાલ આવે, બીજી વાર એ ઘરમાં ના જવું આનું નામ,
परोद्वेगाहेतुता।
કોઈ વિવેક કરે છે, એને એવો કોઈ ભાવ નથી, સાહેબજી ગોચરી નો લાભ આપજો. હું ક્યારેક કહું વર્તમાન જોગ, ભલે. અને વાત પુરી કરતી હોઉં - ત્યાં કહે કે સાહેબ તમે આવશો કઈ રીતે તમને ખબર તો છે નહિ, કે હું ક્યાં રહુ છું. એવાનું પછી અમે લખી લઈએ કે માંગી લઈએ. કોઈ એમની જેમ કહેવું હોય, એ કહ્યા નો ભાવ ના હોય આચાર પુરતુ, વંદન કરીને ગોચરીનો લાભ આપજો અને હવે એને હું બધું પૂછીને ચોકખું કરું કે ક્યાં આવવાનું છે, તમે કેટલા વાગે ઘરે હો છો ને ખોલું ને પેલું ને, એટલે ઓલાનું TENSION વધતું જાય.
परोद्वेगाहेतुता।

બહુ સરસ મજાની વાત દસવૈકાલિક આગમમાં કરી,
वंदमाणं ण जाइज्जा।
જે તમને પગે પડે છે, એમને કહી સાથે પડશો નહિ.
કેટલો કઠિણ ભાવ, કેટલો
परोऽज्ञाहेतुता।
એનું તત્વ સાધુના જીવનમાં જળકે, કોઈને મન-વચન, કાયાથી થોડી પણ તકલીફ આપવી નહિ, આનું જ નામ તો દીક્ષા છે.

પોતાની શું ફરજ છે, કર્તવ્ય છે, આમ છે.. તેમ છે.. ફલાણું છે, ઢીકણું છે, એ બધું એવા કરતા એની ઈચ્છા શું છે, એનું વલણ શું છે, એની વૃત્તિ શું છે, એ ઈચ્છે છે કે નહિ, અને એ જો નથી ઈચ્છતો, તો એ કોઈ નવી વાત નથી, દસવૈકાલિક આગમ કહે છે,
दुण्हं तु भुंजमाणाणं एगो तत्थ णिमंतए।
મહાત્મા ગોચરી વહોરવા નીકળ્યા છે, બે જણ ભેગા જમી રહ્યા છે, કોઈ દુકાનનો ઓટલો છે, કોઈ ઝાડ નીચે છે મહાત્મા ગોચરીએ-નીકળ્યા છે ને બે જણ જમી રહ્યા છે, બે જણના COMMON દ્રવ્યો છે, દ્રવ્યો બે જણા ની વચ્ચે છે,

અને એક જણ કહે છે કે પધારો લાભ આપો.
દિજ્જમાણં ણ ઇચ્છિજ્જા છંદં સે પડિલેહએ।
એ અપાતું હોય એ સાધુ એ લેવું નહિ. એની ઈચ્છા પણ કરવી નહિ. જે બીજુ વ્યક્તિ છે એની ઈચ્છા શું છે એનું નિરિક્ષણ કરવું. બંને એ ઈચ્છે તો વહોરવું. બંને એ ઈચ્છતા નથી. એકના મોઢા પર એ જુદા પ્રકારના ભાવો દેખાય છે. અને એક જણ વિનંતી કરે છે, તો ત્યાં ન વહોરવું.
....દોન્નિ તત્થ ણિમંતએ દિજ્જમાણં પડિચ્છિજ્જા જં તત્થેસણિયં ભવે।
એ બંને નો ભાવ છે. બંને ની વિનંતી છે તો-વહોરવું. નહિ તો સ્મિત કરીને, આશિષ-આપીને, સાધુએ ચુપચાપ આગળ જતા રહેવું. ત્યાં પાછું નવું પ્રકરણ ના ખોલવું કે ભાઈ એ આમની ઈચ્છા નથી ને એટલે મારે નથી વહોરવું.

પૂજ્યશ્રીને પ્રશ્ન :- ભગવંત, સાત પ્રકારની જે પિંડૈષણા આવે છે. એમાં-એક પ્રકારમાં તો હાથ માં કોળિયો લીધો હોય, અને વાપરવા જતા હોય, એ જ ખપે તો આ-જમતા-જમતા આપણે એમના માંથી લઈએ એ તો કેવી રીતે ખપે ?

વૈજ્યશ્રીનો ઉત્તર :- એટલે એની અંદર પણ, એતો બહુ ઉગ્ર આચાર છે, એમાં સામાન્ય આચાર તો સમજુ જ લેવાના કે એમને કે એમણે ઉપાડ્યો છે ડોળિયો ભલે પોતાના માટે, પણ વહોરાવવાનો ભાવ તો છે જ. અને જ્યાં ભાવ નથી એના તો ઘરમાં જ જવાની ના પાડી.

अचिअन्त कुलं ण पविसे चअन्तं पविसे कुलं ।

જે ઇચ્છતા નથી મારા ઘરે મહાત્મા આવે, એમના ઘરે ના જવું. સીધો હિસાબ છે. અપેક્ષા એ કોઈ એવી માંદગીમાં, કોઈ એવા વિષમ ક્ષેત્રની અંદર, PURE દોષિત, સામેથી લાવેલું વહોરવા કરતા - પણ, જ્યાં નિર્દોષ ગોચરી સુલભ છે એવી જગ્યાએ, કોઈની માનસિક પણ અનિચ્છા માં વહોરવું, એ મોટો દોષ છે.

ત્યાં અપવાદ છે, ત્યાં પુષ્ટાલંબન છે, ત્યાં જરૂર છે, છોડી દો એ ઘર. શું - ફરક પડે છે.

ભાવતઃ પ્રયત્નઃ।

એક માત્ર દસવૈકાલિક નું પાંચમું અધ્યયન પિંડેષણા

અધ્યયન, એનો ગહન અભ્યાસ કરવામાં આવે, તો સ્વભાવ ROYAL બની ગયા વગર રહે નહિં. માત્ર ગોચરીની વાત નથી,

असंभंतो अमुच्छिओ ।

ફક્ત ગોચરી વખતે સાધુએ સંભ્રમ ને મુર્છા - રાગ, દ્વેષ, ઉતાવળ વગેરેથી મુક્ત રહેવાનું છે કે જીવનમાં મુક્ત રહેવાનું છે. સાધુનું અદ્ભુત જીવન, એમનો ~~સ્વભા~~ સ્વભાવ, એમનું વલણ, એમની વાણી, એમનો વ્યવહાર, એમનું - BEHAVIOR, એનું અદ્ભુત ચિત્ર, દસવૈકાલિક આગમ સુત્ર ના પાંચમા અધ્યયનની અંદર કંડારેલું છે. એને સમજીએ, સમજવાનો પ્રયાસ કરીએ, અને એ પરિણતિ મય, જિંદગીમાં ક્યાંય - સંઘર્ષ, સંકલેશ, ગ્રુપની અંદર બનવું, ના બનવું, જે ગૃહસ્થ પ્રત્યે નું આટલું ઔચિત્ય બતાવ્યું, અહિંયા આપણે કોની અપ્રિતીમાં નિમિત્ત બનશું!

બહુ મજાનો છે ભગવાનનો માર્ગ, દુનિયા સમજે તો આફરીન થઈ જાય એવો છે - ભગવાનનો માર્ગ, હું તમને કહું છું તમને લાગે કે આ બધુ સાધુ પણામાં છે એવું નથી.

હું તમને પુછું છું કે, જૈન ધર્મ ની વ્યાખ્યા શું ?
ધંધો કરવો, રસોઈ ચલાવવું, શાક સમારવું, આ જૈન ધર્મની વ્યાખ્યા હોય શકે ? આ તો-ન છુટકાની વાત છે. રાજમાર્ગ શું છે ?

## જૈન ધર્મ નો અર્થ છે શ્રમણ ધર્મ !

दसविहे समणधम्मे ।

જે શ્રમણ ધર્મ છે એ ઉત્સર્ગિક જૈન ધર્મ છે, રાજમાર્ગ નો જૈન ધર્મ છે. જે ભગવાન જે કહે છે એ જૈન ધર્મ છે. અને જે જેટલા અંશો-ગૃહસ્થ જીવનમાં પણ આવે, એટલા અંશો ખરા-અર્થ માં જૈન ધર્મ આવ્યો છે. બાર વ્રત શું છે ? શ્રમણ ધર્મ ની કંઈક ઝાંખી છે, એની નજીક-જવાનો પ્રયાસ છે. આંશિક શ્રામણ્ય અપનાવવાનો પ્રયાસ છે. શ્રાવક ધર્મ શું છે ? આંશિક-શ્રામણ્ય, દેશ વિરતિ આનું નામ શ્રાવક ધર્મ. તો ગૃહસ્થ પણું નો ધર્મ છે જ નહિ, ગૃહસ્થ-પણાની અંદર જેટલી જેટલી સાધુતા આવી, - આંશિક સાધુતા આવી, વિરતિ એટલે સાધુતા, દેશ એટલે અંશ. આંશિક સાધુતા એટલે ગૃહસ્થ ધર્મ,

દેશ વિરતિ એટલે ગૃહસ્થ ધર્મ. અને તમે કહો કે અમે અંશ લઈ લીધો એટલે અમારે ધર્મ આવી ગયો, તમારી શક્તિ ઓછુ છે, અને તમે આટલા-થી સંતોષ માનો છો, શક્ય પણ નથી કરતા, એટલે તમને ધર્મની રુચિ જ નથી.

परोद्वेगाहेतुता।

કોઈના પણ ઉદ્વેગ, અપ્રીતીમાં કદી પણ નિમિત્ત બનવું નહિ,

भावतः प्रयत्नः।

લાગણી, કાળજી સાથે એના માટે પુરુષાર્થ કરવો. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × × ×

# ધર્મ બિંદુ ગ્રંથ- વાચના ૬૨

ધર્મ બિંદુ ગ્રંથમાં હરીભદ્રસૂરી મહારાજ ઓગણીસ-માં સુત્રમાં કહે છે,

अशक्ये बहिश्चारः।

બહુ સરસ મઝાની વાત હરીભદ્રસૂરી મહારાજ-સુત્રમાં કહેવા માંગે છે. મુનિચંદ્રસૂરી મહારાજ ટીકામાં સુત્ર ને આ રીતે ખોલી રહ્યા છે.

अशक्ये कुतोऽपि वैगुण्यात् समाचरितुमपार्यमाणे तपोविशेषादौ

કોઈક તમારી શક્તિ ઓછી છે, તમે આયંબિલ-નથી જ કરી શકતા, ઉપવાસો નથી જ કરી શકતા, જે અશક્ય છે, અને એવી વસ્તુમાં શું કરવાનું

बहिश्चारो बहिर्भावलक्षणः तस्मात् कार्यः।

એટલે એવી વસ્તુઓથી બહાર નીકળી જવાનું. વૈરાગ્ય ઉછળતો મળ્યો, ઉલ્લાસથી દીક્ષા લીધી, બસ તોડી નાખવા છે બધા કર્મોને આ ભાવના દરેક સાધુના અંતરમાં હોય. એ ભાવના સાથે વિવેક નું મેળવણ જોઈએ, જે શક્ય નથી એવા-બધા ઉપાડા ના કરવા. એવો તપ ઉપાડી લીધો, કે જેનાથી શરીર તુટી ગયું ને પછી આખી જિંદગી-દોષિત લેવું પડ્યું, આવું ના કરાય. એવો વિહાર-ઉપાડી લીધો કે એક વારનો પરાક્રમ કરીને રાત્રિના પચાસ કિલોમીટર ચાલીને પહોંચી ગયા. અને પછી

બાકીના બધા વિહારો અને ચાલ્યા વગર કરવા પડે. તો આવા વિહારો ના કરાય. એક વાર એવું કોઈ ઉપાડી લીધું કે જ્યાં પુણ્ય પહોંચતું નથી, પહોંચે - નથી. પછી એને પાર પમાડવા માટે સંકલેશોને કષાયો કરવા પડે, આવુ ના કરાય.

बलं थामं च पेहाए सद्धा मारुग्गमप्पणो ।

દસ વૈકાલિક આગમ કહે છે, તમે બળને જુઓ, તમે તમારી માનસિક શક્તિ, ધૃતિ, સત્વ, એને પણ જુઓ, શ્રદ્ધા જુઓ. તમારો ઉલ્લાસ એમાં કેટલો છે એને જુઓ. તમારું આરોગ્ય કેટલું છે - એ જુઓ.

खित्तं कालं च विन्नाय तहप्पाणं निजुंजए ॥

સભાનો પ્રશ્ન :- બધી રીતે ભુખ્યા રહ્યા, તરસ્યા રહ્યા, બધા કષ્ટો સહન કર્યા - શક્તિ અનુસાર. પરન્તુ જ્યારે ચામડી ઉતરતી હોય ત્યારે એવું તો કોઈ PRACTICALLY સહન કરવાની શક્તિ ન હોય, તો ગજસુકુમાલ મુનિ ઉપર - અંગારા પણ મુકાયા. તો આ બધાનું સહન - કરવાનું સત્વ તેઓમાં AUTOMATICALLY કેવી રીતે આવી ગયું હશે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એટલે જે મરણાંત -
ઉપસર્ગો હોય છે ને એની
TRAINNING શક્ય જ હોતી નથી. એ પહેલી
અને છેલ્લી વાર જ આવે છે. અને એના કારણે
એવી PRACTICE પણ શક્ય ના હોય. પણ

प्रमाणमन्तः करणम् ।

જે વ્યક્તિ એ કદી પણ સંસ્કૃત ગ્રંથ રચ્યો જ નથી,
અને ગુરુની આજ્ઞા થઈ રચવો એ ખરો. પહેલી
વાર રચે છે એ મહાત્મા એમને આત્મ-
વિશ્વાસ છે એવો, અભ્યાસ છે એવો, એવી
PRACTICE શાસ્ત્રો વાંચવાની કરેલી છે, ભાષાની
કરેલી છે, છંદની કરેલી છે. અને એના બળે
એમને વિશ્વાસ છે કે હું કરી શકીશ. આટલું
એમને સમજાય છે. બરાબર એ જ રીતે, એ
મહાત્માઓને આવો વિશ્વાસ હતો, કે આ -
રાધના શક્ય છે અને ત્યાં બીજો કોઈ વિકલ્પ
પણ ન હતો, અને આ બધી આત્યંતિક -
સંયોગોની વાત છે. અહિંયા જે વાત છે એ
સામાન્યથી જે સર્વસામાન્ય સંયોગોમાં, સર્વ -
જીવોને લાગુ પડે. કે તમારી શક્તિ છે એટલું કરો.
દેખાદેખીમાં માસક્ષમણ ઉપાડી લીધું, મોટો તપ -

ઉપાડી લીધો, ખબર છે શક્ય જ નથી. બારસાખો ચડાવી ચડાવી ને, લોકો ને ચર્ચાનું નિમિત્ત આપીને હેરાડીને રહે એ મુદ્દે, બધાની સમજાવટ છતા-પારણું ન જ કરવું એ મુદ્દે. આવી રીતે તપ-કરવામાં આવે, એમાં ક્યારેક પ્રાણ જતા રહે, ક્યારેક કોઈ કર્મોમાં જતું રહે, ક્યારેક કોઈક-વિરાટ શાસન નિંદાનું બીજી રીતે નિમિત્ત બની જાય, તો આવી રીતે જેમ તપ ના કરાય, એ રીતે-બીજા પણ ઘણા બધા FACTORS છે.

મહાત્માઓ એ એક વાર ગચ્છાધિપતિ-શ્રી ને મારા માટે ફરિયાદ કરી, મને ખબર નહિ ને ફરિયાદ કરી રાખી હશે ને હું વંદન કરવા-પહોંચ્યો હતો. ને સાહેબે મને બહુ સ્વસ્થતા-પૂર્વક એમ કહ્યું, કે હજુ તમારે શરીરને વર્ષો સુધી ચલાવવાનું છે. PLANNING એ જોઈએ કે હજુ આવનારા પચાસ વર્ષો સુધી, સિત્તેર વર્ષો સુધી, આ શરીર બરાબર આરાધના કરે એ રીતે આપણે અત્યારથી શરીર એને ટેકો, એને પોષણ, એની જરૂરિયાત, એ પુરી કરવી જોઈએ. પ્રેમસૂરીશ્વરજી મહારાજા ના પરિવારની અંદર એક મહાત્મા,

Anupam

તપસ્વી, આયંબિલનો પ્રેમ, ઓળી ઓ ઉપર ઓળીઓ કરે, અને એમની શરીરની પ્રકૃતિ એવી કે આંખનું તેજ ઓછું થવા લાગ્યું, પ્રેમસૂરીશ્વરજી મહારાજે એ એમને ના પાડી. ઓળી સારી, હું પણ પ્રેરણા- કરું, અનુમોદનીય છે, તમારા માટે નથી. આંખ એ સંયમનો આધાર છે, ઈર્યા સમિતિ- એષણા સમિતિ, આદાન' સમિતિ, સ્વાધ્યાય, બધુ જેના આધારે છે, અને આંખને આંચ- આવે એવો તપ આપણાથી કરાય નહિં, માટે તમારે ઓળી મુકી દેવા જેવી છે. એ મહાત્મા કહે સાહેબ આપની આજ્ઞા તહત્તિ, તમે પણ ઘણી. વાર તહત્તિ કરતા હો છો, પણ સાહેબ હું સો ઓળી પુરી કરી લઉં છું. સો ઓળી પુરી કરી, પણ આંખ ગઈ. આપુવન ઓઈ ન શકે એવી સ્થિતિ, એ મહાત્માની આવી ગઈ.

હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

अशक्ये बहिर्व्यापारः।

જે શક્ય નથી એમાંથી બહાર નીકળી જાવ. શક્યની વ્યાખ્યા શું છે કે જેનાથી યોગો સીદાય નહિ, જેમાં દુર્ધ્યાન થાય. જેમાં અનુબંધ ફ્રવિરઓ,

પરંપરા દ્રષ્ટિએ, આજે મારો વિહાર થઈ ગયો
પચાસ કિલોમીટરનો એટલું ENOUGH નથી,
અને હું કરતો જ રહું છું તો એનું પરિણામ શું
છે ? સરવાળે એ મારે અટકી જવાનું છે તો
આ પરાજય નથી, આ પણ એક અતિચાર છે
આ પણ એક અપેક્ષા એ એક પ્રકારનો અનાચાર
છે. કે હું એવું કરવા માગું છું જેનાથી સરવાળે
મારું સંયમ ખાડે જાય છે.

अशक्ये बहिश्चारः।

જ્યાં સંઘમાં ક્યાંક ખોટું પણ થઈ રહ્યું છે,
બંધ કરવા જેવું છે, અને મહાત્મા જુએ છે કે
ખોટું એ છે ને બંધ કરવા જેવું પણ છે, ને એ
મુદ્દે કૂદી પડવું, એ ઉચિત નથી, સાંચે -
વિચારવું જોઈએ, કે ભાઈ આમાં આપણું પુણ્ય -
પહોંચે છે કે નહિ, અધિકાર બને છે કે નહિ,
પહોંચ છે કે નહિ, થાય છે એવું છે કે નહિ,
થાય એવું નથી ને ખોટું છે ને બંધ કરવા જેવું છે,
એટલા મુદ્દે કૂદી પડવામાં આવે, તો ખોટું તો
બંધ થાય નહિ, ને બીજું ઘણું બધું સ્વપર -
પણે થઈ જાય, બીજાને કષાયો થાય, પોતાને
કષાયો થાય, સંક્લેશો થાય, તો એ અનુષ્ઠાનને

શક્ય કહેવાય કે અશક્ય કહેવાય ?

સભાનો પ્રશ્ન :- સાહેબજી પુણ્ય પહોંચે છે કે નહિ એ કેવી રીતે ખબર પડે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એટલા જ માટે દસ વૈકાલિક આગમમાં કહ્યું,
तहप्पाणं विजुंजए

આ બધા FACTORS નો વિચાર કરીને પછી તમે પ્રવૃત્ત થાવ. તમે અઠ્ઠમ કરો છો તો એ વિચારો છો કે ભાઈ આપણાથી થાય એવું છે કે નથી, અને પોતાના અંતઃકરણથી અને ક્ષયોપશમથી પણ ખબર પડે, કે મારાથી થાય એવું છે કે નહિં. તમે તમારી શક્તિને DEVALUATE કરતા હો, UNDER ESTIMATE કરતા હો, સદ્‌ગુરુ પર શ્રધ્ધા રાખો થઈ જાય, તમે કહો ચમત્કાર થઈ ગયો, શક્તિ હતી જ, સદ્‌ગુરુ પ્રત્યેની શ્રધ્ધાથી બહાર આવી છે. અને સદ્‌ગુરુની આજ્ઞાનો તમે સ્વીકાર કરો, માર્ગદર્શન લો, અને એનાથી તમે શક્ય અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થાવ, એ જ તાત્વિક આરાધના છે. એટલે ખબર જ ના પડે,

કર્યું તો જ ખબર પડે એવું પણ નથી. સંસારના પણ ઘણા બધા વ્યવહારો, આ રીતે એટલે, લાભાલાભ જોઈને, શક્યાશક્ય જોઈને, આપણે કરતા હોઈએ છીએ.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ બહુ સાચું કહે છે,

हवइ असक्कारंभो अत्तुक्करिसजणण कम्मेण ।

માન કષાયથી, માન મોહનીય કર્મના ઉદયથી, -અશક્યનો આરંભ થાય છે. એક EGO છે, એક દર્પ છે, એક ગર્વ છે, ગુમાન છે, અભિમાન છે, અહંકાર છે, એક માન કષાયનો ઉદય છે કે હું પણ આ કરીને બતાડીશ. અને માણસનો પહોંચ-નથી ને કરવા જાય છે, ઉદેસુત્રની અંદર એક દાખલા બતાડી, મહાત્માં છે જિન કલ્પની તુલના કરે છે, તુલનાનો અર્થ છે PRACTICE ને એના માટે ઉગ્ર તપ, ઉગ્ર ચર્યા, ઉગ્ર કષ્ટોને ગુરુકુલ-વાસમાં રહીને જ સહન કરવાના, એમાં થોડાથોડા સમય માટે બહાર જાય, સ્મશાનમાં કાઉસગ્ગ કરે, જંગલમાં કાઉસગ્ગ કરે, વગેરે વગેરે PRACTICE કરવાની હોય. મહાત્માં સ્મશાનની અંદર કાઉસગ્ગ

Anupam

કરી રહ્યા છે, એમના નાના ભાઈએ પણ દીક્ષા-લીધી છે, એમને ગુરુ કરવાની ના પાડી છે ને એ કહે છે કે હું એ કરું, અને ત્યાં પાંને કાઉસગ્ગ કરવા જાય છે. પહોંચ નથી, શક્તિ-નથી, ગુરુની અનુજ્ઞા નથી, હું કરી શકું છું, હું કેમ ના કરું, મોટા ભાઈ કરે તો મારે શું વાંધો છે, અને સ્મશાનમાં જાય છે.

ત્યારે એ સમયે શાસનદેવતા આવી-પરિસ્થિતિને જુએ છે, બોધ પમાડવા માટે, ત્યાં પરીક્ષા લેવા આવે છે, મોટા ભાઈ PASS થાય છે નાના ભાઈ FAIL થાય છે, શાસન-દેવતા એમને શિક્ષા કરવા માટે, FAIL થાય છે એની સાથે એક તમાચો મારે છે, એ મહાત્માની બે આંખો એ તમાચાના મહામારથી નીચે પડી જાય છે. જે મોટાભાઈ મહાત્મા છે એ જુએ છે, પરિસ્થિતિ સમજે છે, ભુલ થઈ એ પણ ખ્યાલ છે. દીક્ષા લીધી છે, આંધળા થાય, શાસનની અપભ્રાજના થાય, સંયમ પાલન ના થાય, શાસનદેવને વિનંતી કરે છે, કે આંખને તમે પાછી જગ્યાએ લગાડી આપો, એવી વિનંતી

કરે છે. અને એ મહાત્મા એમને પણ પસ્તાવો થાય છે. શાસનદેવતા જુએ છે કે જે આંખ પડી ગઈ, એમાં હવે જીવ પ્રદેશ રહ્યા નથી, માટે કામ લાગે એવી નથી, અને કોઈ કસાઈ એણે તાજી મારેલી કોઈ બકરી, જેને મારી જ દીધી, પણ એ આંખ હજુ કામ લાગે એવી હતી, એ આંખ લાવીને એમને લગાડી દે છે.

अशक्यारंभ

એને વૈરાગ્ય કહેવાય, ઉલ્લાસ કહેવાય, પરાક્રમ- કહેવાય, આરાધના કહેવાય, એના કરતા વધારે, અવિવેક કહેવાય, ઉછાંછળા પણું કહેવાય, અબુજ- પણું કહેવાય, બાલીસતા કહેવાય, આત્માના - અહિત નું પગલું કહેવાય.

जं सक्कइ तं कीरइ जं ण सक्कइ तत्थ सद्दहणा ॥

જે શક્ય છે એટલું કરવું, અને જે અશક્ય છે- એમાં શ્રદ્ધા કરવી, એની ભાવના કરવી. મારે પણ જો સત્વ આવે કે હું કરું. આવો ભાવ- ભાવવો,

सद्दहमाणो जीवो वच्चइ अयरामरं ठाणं ॥

જે શ્રદ્ધા કરે છે, તેઓ અજરાઅમર સ્થાનને પામે છે.

13.11.2021

उअशक्ये बहिष्कार:।

શક્ય કરવું, અશક્યમાંથી નીકળી જવું. આજે-સમય થયો છે, આજે આટલું રાખીએ.

---